# *મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.*

**સમરી નં.–૨૭/૨૦૨૬.**

**–: હુકમ :–**

(૧) સદર સમરી અત્રેની અદાલત સમક્ષ અલંગ પો.સ્ટે. ખાતે નોંધાયેલ, સેકન્ડ, ગુ.ર., નં.–૨૮/૨૦૧૩ અન્વયે નોંધાયેલ આઇ.પી.સી. કલમ–૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)૧૦ મુજબના ગુના હેઠળ ફરીયાદી, તેજાભાઇ વિરાભાઇ મચાત્રાની ફરીયાદ અન્વયે તપાસ થઇ, અત્રેની અદાલત સમક્ષ દાખલ થયેલ છે.

(૨) સદર સમરીની સંક્ષેપમાં વિગત એવી છે કે,‘‘ફરીયાદીની ફરીયાદ મુજબ ગઇ તા.૧૮/૨/૨૦૦૭ના રોજ ફરીયાદીનો દિકરો ભરતભાઇ, જે જે–તે વખતે ઉ.વ.–૧૭નો હતો અને સાયકલ લઇને ઉમરલા ગામેથી ત્રાપજ ગયેલો અને ત્રાપજથી પાછો આવતો હતો ત્યારે, હાઇ–વે ઉપર, કારવાળા પરેશ પરમાર પ્રજાપતિએ હડફેટે લઇ, અકસ્માત કરેલ. આ દરમ્યાન ઘોઘા તાલુકાના લાકડીયા ગામના મુનાભા રેવતુભા ગોહિલ તથા નાનભા મહિપતસિંહ ગોહિલ અચાનક આવી ગયેલા અને પોતાના દિકરા ભરત સાથે તકરાર કરેલી અને દલિત જાતિ વિશે અપશબ્દો બોલેલ, જેની ફરીયાદ અલંગ પો.સ્ટે.માં નોંધાવેલ હતી. આ કામના ફરીયાદી તા.૯/૭/૨૦૧૩ના રોજ ઘરેથી મજુરી કામે જવા નીકળી, કલાક:૧૧/૦૦ વાગ્યે, ત્રાપજ બસ સ્ટેન્ડ પાસે, અલંગ રોડ ઉપર આવેલ ત્યારે, થોડી વારમાં શિવભદ્રસિંહ ઉર્ફે બલુજી બાલુભા ગોહિલ મો.સા. લઇને આવેલા અને કહેલ કે, લાકડીયાના દરબારો મુન્નાભા અને નાનભા સાથે જે એટ્રોસીટીનો કેસ કોર્ટમાં ચાલે છે, તે તેઓ પાછો ખેંચી લે નહીંતર, તેઓ તેમને જાનથી મારી નાંખશે, સાલા ઢેઢાઓ તમે બહુ ફાટી ગયા છો, કોઇક ઢેઢાને ઓછો કરી નાંખશે ત્યારે, જ તેઓ સીધા થાશે તેવી ધમકી આપી, જતા રહેલા. બાદ, ફરીયાદી અલંગ ગયેલા ત્યાં મજુરી કામ નહીં મળતા, સાડા અગિયાર વાગ્યે અલંગથી ત્રાપજ આવતા હતા ત્યારે, કઠવા–ત્રાપજ ગામ વચ્ચે રસ્તામાં, હરદેવસિંહ બાલુભા ગોહિલ સામા મળતા, ફરીયાદીએ તેમને ઉભા રખાવી, તેની પાસે જઇને કહેલ કે, સવારે તેમના ભાઇ બલુજીએ ત્રાપજના બસ સ્ટેન્ડમાં ધમકી આપેલી તેમ વાત કરેલી તો, હરદેવસિંહે કહેલ કે, તેમને જીવવુ હોય અને મરી જવુ ન હોય તો લાકડીયાના દરબારો સાથે સમાધાન કરી નાંખે તેમ કહેલ અને જાતિ વિષયક

અપશબ્દો બોલેલા. ત્યારબાદ, ફરીયાદી ઘરે જવા માટે રવાના થઇ, બેલા ગામના પાટીયે આવેલ ત્યાં, હરદેવસિંહ તથા હેમુભા જીવુભા ગોહિલ, માજી સરપંચ, રહે. ત્રાપજવાળા આવેલા અને લાકડીયાના દરબારો વિરૂદ્ધમાં એટ્રોસીટીના કેસમાં સમાધાન કરવા અને કેસ પાછો ખેંચી લેવા માટે કહેલ અને કેસ પાછો નહીં ખેંચી લે તો, તેમને જાનથી મારી નાંખશે તેમ બોલેલા હતા વિ. મતલબની ફરીયાદ છે.

આ કામે તપાસ દરમ્યાન ફરીયાદી સિવાય કોઇ નજરે જોનાર સાહેદ નથી. ફકત ફરીયાદીના પત્ની મધુબેન વા./ઓ. તેજાભાઇ વિરાભાઇ તથા પુત્ર ભરતભાઇ તેજાભાઇ તથા ફરીયાદીના મિત્ર રાજુભાઇ ઉકાભાઇ સોલંકી, રહે. મથાવડાવાળા તેમના નિવેદનમાં બનાવની વાત ફરીયાદીએ કરેલ હતી તેમ જણાવે છે.

(૧) ફરીયાદી તેજાભાઇ વિરાભાઇ મિયાત્રા સાથે બનાવ તા.૯/૭/૨૦૧૩ ના રોજ બનેલાનું ફરીયાદમાં લખાવેલ છે, જેની ફરીયાદ અલંગ પો.સ્ટે.માં નહીં કરતા, તા.૧૨/૭/૨૦૧૩ના રોજ ફરીયાદીના સંબંધી જીવણભાઇ ગોવિંદભાઇ ડોડીયા, રહે. ભરૂચવાળાને ટેલિફોનથી જાણ કરેલ છે.

(૨) ફરીયાદી તેજાભાઇએ તેના સંબંધી જીવણભાઇને ટેલિફોનથી જાણ કરેલ, તે વિગતવવાળી અરજી જીવણભાઇએ લખી, ગાંધીનગર સ્ટેટ પોલીસ કંટ્રોલ રૂમમાં ફેકસથી મોકલેલ છે.

(૩) ફરીયાદીની ઉપરોકત ફેકસથી મોકલેલ અરજી ગાંધીનગર સ્ટેટ પોલીસ કંટ્રોલ તરફથી પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી-ગાંધીનગરને મળતા, તેઓ તરફથી પોલીસ અધિક્ષકશ્રી-ભાવનગરને તપાસમાં મોકલતા, સદરહું અરજી અલંગ પો.સ્ટે.માં તા.૩૧/૭/૨૦૧૩ના રોજ મળતા, અરજીની પ્રથમ તપાસ પી.એસ.આઇ.શ્રી બ્રહ્મભટ્ટને સોંપેલ અને તેમની પાસેથી તા.૧૪/૮/૨૦૧૩ના રોજ પી.આર.દેસાઇ, પો.ઇ., અલંગ પો.સ્ટે. નાએ સંભાળેલ હતી અને તેઓએ અરજદાર ફરીયાદીને તેમની અરજીની તપાસના કામે તા.૧૫/૮/૨૦૧૩ના રોજ બોલાવવા જવા છતાં, બહાનાઓ બતાવી, ફરીયાદ જાહેર કરવા આવેલ નહીં અને તા.૧૭/૮/૨૦૧૩ના રોજ અલંગ પો.સ્ટે.માં આવી, પોતાની ફરીયાદ જાહેર કરેલ છે.

(૪) સદરહું બનાવ તા.૯/૭/૨૦૧૩ના રોજ બનેલ, જેની ફરીયાદ

તા.૧૭/૮/૨૦૧૩ના રોજ એટલે કે, દિન–૩૯ પછી ફરીયાદીને ત્રણ વખત બોલાવ્યા બાદ, ફરીયાદ લખાવવા આવતા, આ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

(૫) ફરીયાદી તેજાભાઇ વિરાભાઇને આરોપી શિવભદ્રસિંહ ઉર્ફે બલુજી બાલુભા ગોહિલ, રહે. ત્રાપજવાળાએ તા.૯/૭/૨૦૧૩ના રોજ કલાક:૧૧/૦૦ વાગ્યે, ત્રાપજ બસ સ્ટેન્ડ પાસે, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ તથા જ્ઞાતિ વિશે અપશબ્દો બોલી, અપમાનિત કરેલ. બાદ, અલંગ–રામસરોવર નામની જગ્યાએ મજુરીએ ગયેલા ત્યાં, મજુરી કામ નહીં મળતા, સાડા અગિયાર વાગ્યે, કઠવા–ત્રાપજ રોડ વચ્ચે, આરોપી હરદેવસિંહ બાલુભા ગોહિલે ધમકી આપી, જ્ઞાતિ વિષયક શબ્દો બોલેલ. ત્યારબાદ, હરદેવસિંહ બાલુભા ગોહિલ તથા હેમુભા જીવુભા ગોહિલ, માજી સરપંચ, ત્રાપજવાળાએ અવાર–નવાર બેલા ગામના પાટીયે મળેલા અને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ હતી. જેથી ફરીયાદ જે–તે વખતે કરેલ નથી.

(૬) તા.૯/૭/૨૦૧૩ના રોજ કલાક:૧૧/૦૦ વાગ્યે, ત્રાપજ ગામના બસ સ્ટેન્ડ પાસે, આરોપી શિવભદ્રસિંહ ઉર્ફે બલુજી બાલુભા ગોહિલ, રહે. ત્રાપજવાળાએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ તથા જ્ઞાતિ વિશે અપશબ્દો બોલી, અપમાનિત કરેલ. બાદ, અલંગ–રામસરોવર નામની જગ્યાએ મજુરીએ ગયેલા ત્યારે રસ્તામાં, રોડના કાંઠે, અલંગ પો.સ્ટે. આવે છે તેમ છતાં, પો.સ્ટે.માં ફરીયાદ લખાવવા ગયેલ નથી અને રામ–સરોવર જગ્યાએ ગયેલા અને કલાક:૧૧/૩૦ વાગ્યે મજુરી નહીં મળતા, પરત આવતા હતા ત્યારે પણ, અલંગ પો.સ્ટે. રસ્તામાં આવુ હોવા છતાં, ફરીયાદ લખાવવા ગયેલ નથી અને કઠવા–ત્રાપજ રોડ વચ્ચે આરોપી હરદેવસિંહ બાલુભા ગોહિલે ધમકી આપી, જ્ઞાતિ વિશે અપમાનિત કરેલ ત્યારે પણ, અલંગ પો.સ્ટે.માં કે, ત્રાપજ આઉટ પો.સ્ટે.ની નજીકથી નીકળવા છતાં, આઉટ પો.સ્ટે.માં પણ ફરીયાદ કરેલ નથી. તેમજ બેલા ગામના પાટીયા પાસે, આરોપી હરદેવસિંહ તથા હેમભા જીવુભા ગોહિલ, રહે. ત્રાપજવાળાએ ધમકી આપી, અપમાનિત કરેલ હોવાનું ફરીયાદમાં જણાવેલ છે. આ બેલાનું પાટીયુ ત્રાપજ આઉટ પો.સ્ટે.ની નજીકમાં હોવા છતાં, ત્રાપજ આઉટ પો.સ્ટે.માં કે, અલંગ પો.સ્ટે.માં ફરીયાદ લખાવેલ નથી.

(૭) ફરીયાદીની ફરીયાદ હકીકત મુજબ તા.૯/૭/૨૦૧૩થી આજદિન

સુધી આરોપીઓએ અવાર–નવાર જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી, જ્ઞાતિ વિષયક શબ્દો બોલી, અપમાનિત કરેલ હોવા છતાં, મજકૂર કામે આવતા–જતા અલંગ પો.સ્ટે.માં કે, ત્રાપજ ઓ.પી. રસ્તામાં આવતી હોવા છતાં, ફરીયાદ કરવા આવેલ નથી.

(૮) ફરીયાદીએ તમામ બનાવોમાં પ્રથમ ત્રાપજ બસ સ્ટેન્ડ પાસે બનાવ બનેલ ત્યારે, પોતે એકલા હતા અને બીજો બનાવ કઠવા–ત્રાપજ ગામ વચ્ચે, રોડ ઉપર બનેલ ત્યારે, કોઈ અજાણ્યા મો.સા.વાળાની પાછળ બેસીને જતા હતા ત્યાંથી, નીચે ઉતરી અને આરોપી હરદેવસિંહને સાદ પાડી–બોલાવી, તેની પાસે ગયેલ હતા. આ વખતે મો.સા.વાળો દૂર ઉભો હતો તેવુ ફરીયાદની હકીકતમાં જણાવે છે. તેમજ બેલા ગામના પાટીયે, અવાર–નવાર આરોપી હરદેવસિંહ તથા હેમભા ગોહિલે ધમકી આપેલ, આ વખતે પણ પોતે એકલા જ હતા. આમ, તમામ બનાવ વખતે ફરીયાદી એકલા જ હતા.

(૯) આ કામના આરોપી હરદેવસિંહ બાલુભા ગોહિલ, રહે. ત્રાપજવાળા બનાવ વખતે રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના રાજપરા પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ ઉપર હતા અને શિવેન્દ્રસિંહ ઉર્ફે બલુજી બાલુભા ગોહિલ, રહે. ત્રાપજવાળા ધારડી ગામે, પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ ઉપર હોવાનું રેકર્ડ આધારીત તથા સાહેદોના નિવેદનોથી ફલિત થાય છે.

(૧૦) આ કામે પ્રથમ આરોપી હેમુભા જીવુભા ગોહિલનો એસ.ડી.એસ. ટેસ્ટ કરાવવા માટે એફ.એસ.એલ.–ગાંધીનગરમાં તારીખ/સમય ફાળવવા માટે રીપોર્ટ કરવામાં આવેલ, જે અંગે એફ.એસ.એલ.–ગાંધીનગર તરફથી તા.૧૪/૧૦/૨૦૧૩ના રોજ આરોપીને હાજર રાખવા જણાવતા, આરોપી હેમુભા જીવુભાને હાજર રાખવામાં આવેલ ત્યારે, એફ.એસ.એલ. અધિકારીએ ત્રણેય આરોપીઓને એકીસાથે તા.૧૧/૧૧/૨૦૧૩ના રોજ હાજર રાખવા રૂબરૂમાં લેખિતમાં જણાવવામાં આવેલ જેથી, આરોપીઓને લેખિતમાં હાજર રાખવા જણાવેલ હતુ.

(૧૧) આ કામના ત્રણેય આરોપીઓનો એસ.ડી.એસ. ટેસ્ટ કરાવવા માટે ગાંધીનગર–એફ.એસ.એલ.માં જવાની તા.૧૦/૧૧/૨૦૧૩ના રોજ તજવીજ કરતા હતા દરમ્યાન, આરોપીઓએ અલંગ પો.સ્ટે.માં લેખિત આપેલ, જેમાં આરોપી હેમુભા જીવુભા ગોહિલ બિમારી સબબ ખાનગી હોસ્પિટલમાં સારવારમાં દાખલ હોવાથી ત્રણેય આરોપીઓએ બીજી મુદ્દત મળવા જણાવેલ. જેથી, એફ.એસ.એલ.–ગાંધીનગર ખાતે

બીજી મુદ્દત ફેકસથી માંગવામાં આવેલ છે. જેથી મુદ્દત તા.૨૮/૧૧/૨૦૧૩ના રોજની નિમાઇ આવેલ હતી.

(૧૨) આ કામના ત્રણેય આરોપીઓને તા.૨૮/૧૧/૨૦૧૩ના રોજ એફ.એસ.એલ.–ગાંધીનગર ખાતે એ.ડી.શુકલા સાહેબ, મદદનીશ નિયામક, ફોરેન્સીક સાયકોલોજી ડિવીઝનનાઓ સમક્ષ હાજર રાખવામાં આવેલ હતા.

(૧૩) આ કામે એફ.એસ.એલ.–ગાંધીનગર ખાતે એ.ડી.શુકલા સાહેબ, મદદનીશ નિયામક, ફોરેન્સીક સાયકોલોજી ડિવીઝનનો અહેવાલ આવતા, તેમાં આરોપીઓએ તેઓને જણાવેલ કે, તેઓ નિર્દોષ છે જેથી, એસ.ડી.એસ. ટેસ્ટ આપવાનો ઇન્કાર કરેલ છે જેથી, તેઓનો એસ.ડી.એસ. ટેસ્ટ કરવામાં આવેલ નથી તેમ જણાવેલ છે.

(૧૪) આ કામના આરોપીઓની મોબાઇલ કોલ–ડિટેઇલ્સ મેળવતા, આરોપીઓની કોલ–ડિટેઇલ્સનો ટાવર બનાવના વખતે ત્રાપજનો તથા અલંગ યાર્ડનો બતાવે છે. જેમાં, આરોપીઓ શિવભદ્રસિંહ બાલુભા તથા હેમુભા જીવુભા બન્ને ત્રાપજ ગામે રહેતા હોય જેથી, ટાવર લોકેશન ત્રાપજનું આવેલ છે. જ્યારે, આરોપી હરદેવસિંહ બાલુભા ગોહિલ રાજપરા ગામે, તા.જામકંડોરણા, જિ.જામનગર હતા અને તેમનો મોબાઇલ પોતે સાથે રાખતા નથી અને ઘરે ત્રાપજ ખાતે રાખે છે અને આ મોબાઇલનો ઉપયોગ ઘરના સભ્યો કરતા હોઇ, સગા–સંબંધીઓમાં વાતચીત કરેલ હશે તેવી સ્પષ્ટતા આપેલ છે.

(૧૫) ત્રાપજ ગામના દલિત સમાજ તરફથી ના.પો.અધિ.શ્રી–પાલિતાણાની કચેરી ખાતે લેખિત રજુઆત કરી, અરજી આપેલ. જેમાં કાયદાકિય જોગવાઇ અનુસાર સમાજને આરક્ષણ માટે કેટલીક વિશેષ કલમોનું રક્ષણ મળેલ છે. જે કલમો માત્ર અન્યાય સામે જ ઉપયોગ થાય, તે હિતાવહ છે, પરંતુ કોઇ કલમોનો ઉપયોગ કોઇ પોતાની માનસિકતા સંતોષવા, કોઇ પ્રતિષ્ઠીત નાગરિકો ઉપર ખોટી ફરીયાદો કરી, ગામડાઓમાં ભાઇચારાની વ્યવસ્થા છે, તેને ડહોળવાના પ્રયત્નો કરે, જે યોગ્ય ન ગણાય. આવી માનસિકતા ઉમરલાના તેજાભાઇ વારંવાર ખોટી ફરીયાદો કરે છે. હાલમાં હરદેવસિંહ તથા શિવભદ્રસિંહ તેમજ હેમુભા ઉપર ખોટી ફરીયાદ કરેલ છે. ત્રાપજ ગામે તેમજ આજબાજુના દલિત સમાજને કયારેય આ પ્રતિષ્ઠીત આગેવાનોથી અસંતોષ નથી. દલિત સમાજને અવાર–નવાર ઉપયોગી થયા છે. આ ખોટી ફરીયાદથી દલત સમાજ ઉપર અન્ય સમાજનો અસંતોષ ના થાય તે જરૂરી છે. આમ, ફરીયાદીએ કરેલ ફરીયાદ ખોટી હોવાની

રજુઆત લેખિતમાં કરેલ છે.

(૧૬) ફરીયાદીની ફરીયાદમાં આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ તથા જાતિ વિશે અપમાનિત કરેલ હોવા બાબતે ફરીયાદ પક્ષ તરફથી આજદિન સુધી એકપણ નજરે જોનાર પુરાવો તપાસ દરમ્યાન મળી આવેલ નથી. તેમજ આરોપી હરદેવસિંહ બાલુભાની બનાવ વખતની હાજરી જામકંડોરણા તાલુકાના રાજપરા ગામની પ્રા.શાળામાં હોવાનું રેકર્ડ તથા નિવેદનથી જણાય છે. તેમજ આરોપી હેમુભા જીવુભા ગોહિલ પોતે બિમાર રહેતા હોય જેથી, સારવાર હેઠળ પોતાના રહેણાંકે હાજર હોવાનું જણાય છે.

આમ, તપાસ દરમ્યાન આ કામના ફરીયાદીએ તેમની ફરીયાદમાં આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપી, ફરીયાદીને તેની જાતિ વિશે અપશબદો બોલી, અપમાનિત કરેલાની ખોટી હકીકત ઉભી કરી, રાગ–દ્વેષપુર્વક આક્ષેપિતોને ગંભીર પ્રકારના ગુનામાં સંડોવી દેવા માટે ખોટી ફરીયાદ કરેલાનું તપાસ દરમ્યાન જણાઇ આવેલ હોઇ, આ કામે વર્ગ–બ સમરી ભરી, તપાસના અસલ કાગળો આંક નં.–૧ થી ૮૬ સુધીના સામેલ રાખી, અદાલત મારફતે મોકલી આપેલ હોય જેથી, સદર કેસમાં વર્ગ–બ સમરી મંજુર કરવા યોગ્ય થવા વિનંતી છે.''

(૩) અત્રેની અદાલતે એ હકીકત ધ્યાને લીધેલ છે કે, આ કામના ફરીયાદીએ પોતે ત્રાપજ પો.સ્ટે.માં જઇ, કોઇ ફરીયાદ નોંધાવેલ નથી અથવા તો, તેમની ફરીયાદ નોંધાય તે માટે કોઇ પ્રયત્નો કરેલા નથી અને બનાવની જાણ તેઓએ ફોનથી તેમના સંબંધી જીવણભાઇ ગોવિંદભાઇ ડોડીયાને કરેલ અને જીવણભાઇએ આવી ફરીયાદ ગાંધીનગર પો.સ્ટે. કંટ્રોલ રૂમમાં ફેકસ કરીને મોકલાવેલ છે. વધુમાં, સમગ્ર તપાસ દરમ્યાન કહેવાતા ફરીયાદીએ એવો કોઇ પુરાવો રજુ કરેલ નથી કે, જેમાં સામાવાળા આરોપીઓએ આઇ.પી.સી અથવા તો, એટ્રોસીટી એકટ અન્વયે કોઇ ગુનો કરેલ હોય તેવુ સાબિત થઇ શકે. હાલના કામે અત્રેની અદાલત દ્વારા ફરીયાદીને નોટીસ કરી, બોલાવવામાં આવેલ છે. જે નોટીસના સંદર્ભે બજવણી કરનાર અધિકારી દ્વારા ફરીયાદી પોતે મરણ ગયેલ હોય તેવો શેરો થઇને સમન્સ પરત ફરેલ છે અને તેની સાથે મરણનો દાખલો પણ રજુ રાખવામાં આવેલ છે. જેથી, અત્રેની અદાલત ફરીયાદીના વાંધા ફરીયાદી અવસાન પામેલ હોવાના કારણે અને તેઓએ પોતાના જીવનકાળ દરમ્યાન કોઇ વાંધા રજુ કર્યા ન હોવાને કારણે સાંભળી શકેલ નથી અને રજુ સમન્સ સાથે રજુ થયેલ તપાસના કાગળો વંચાણે લેતા, ફરીયાદ પ્રમાણેનો કોઇ ગુનો બની આવતો ન હોય તેવુ જણાય

છે. જેથી, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

૧. સબબ બ-સમરી **મંજુર** કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ-૨, માહે-જુલાઇ, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ :-તળાજા.

**(કુ. મૃણાલી જિગીશકુમાર કિકાણી)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ-તળાજા.
(કોડ નં.-જી.જે.૦૧૫૪૯).

એચ.બી.જોષી.